સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સાડી અને શાલમાં જ અટવાઇ છે સરકાર,
મિઠાઇ અને કેરીમાં ઘૂતવાઇ છે સરકાર,
ખૂટલાઇ છે એની પીઠ પાછળ ભોંકે ખંજર,
થઇ છે ગાંડી 'મત' માટે રઘવાઇ છે સરકાર!

હાઈકુ

'રમત' રમી
પહેરાવી દેસે એ
તમને 'ટોપી'
(ચીન-પાકની સદ્‌ભાવના)

ખાય છે માર!
ફરવાની હોંશમાં -
વિદેશી-નીતિ..
(નિષ્ફળ પ્રભાવ)

ચિંતન

સાવિત્રી માત્ર સારો અપિ વરં વિપ્ર સુયન્ત્રિ તઃ । નાયન્ત્રિતશ્ચ તુર્વેદ સર્વાશી સર્વ વિક્રી ॥

'સારી રીતે, સદાચારી અને નિયમ-સંયમમાં રહેનારો બ્રાહ્મણ ભલે ને માત્ર એક જ ગાયત્રીમંત્ર જ જાણતા હોય છતાં સારો છે, પરંતુ દુરાચારી અને અસંયમી સર્વ અભક્ષ્ય ખાનારો અને બધી બાબતોને વ્યાપારી ધોરણે જ મૂલવતો બ્રાહ્મણ ભલેને ચારે વેદનો જાણકાર હોય છતાં સારો નથી.'

માનવ જીવનમાં સદાચાર-સત્કર્મ અને સત્સંગનો મહિમા છે નિયમ-સંયમ પૂર્વક જીવતો માણસ જ 'માનવ' તરીકેનું સાચું અને સાર્થક જીવન જીવે છે. માણસ પાસે કેટલી 'ડીગ્રી' અને પ્રમાણપત્રો છે એ મહત્ત્વનું નથી પણ સાદગીપૂર્ણ - સદાચાર જીવન હોય ભલે ને 'નિરક્ષર' હોય તો પણ એ 'મહાન' છે.

બાકી ડોક્ટર-ઇજનેર હોય ભણેલા હોય પણ 'દર્દી'ને એક ગ્રાહક સમજી બંને રીતે 'ચીરી' નાખે- બોલચાલમાં પણ 'વેપારી વાણી' હોય, દંભી હોય, એવા 'ડીગ્રીધારી' હોવા છતાં પણ જીવનના સત્યપથ માટે તો 'નિરક્ષર' જ છે.

સુવિચાર

- અભિમાનને ફરિશ્તાઓને શેતાન બનાવી દીધા, જયારે નમ્રતાએ ઇન્સાનને ફરિશ્તા બનાવી દીધા **- શેખ સાદી**
- પરમાત્માનું કાયમી સરનામું માણસનું દીલ છે.. દિમાગ નહીં **- ઓશો**
- જે દિવસે મા-બાપ રૂઠ્યા, તેમની આંખોનાં આંસુ તમારો વૈભવ પ્રભુ પરત લઇ લેશે **- પરિત્રાણ**
- સંત એ તો માઇલસ્ટોન છે, જે તમને તમારા અને મંઝીલ વચ્ચેનું અંતર બતાવે છે... ચલાવાનું તો તમારે જ છે **- તરૂણ સાગર**
- અર્થશાસ્ત્રી એ એવી વ્યક્તિ છે કે જે ધન વિશે ધનવાન કરતા વધુ જાણે છે- **વિક્ટર હ્યુગો**
- અગ્નિ પાણીથી, સૂર્યનો તાપ છત્રીથી, હાથી અંકુશથી, ગદર્ભ ડફણાથી, અને રોગ ઔષધિથી કાબુમાં લઇ શકાય છે, દરેક સમસ્યાનો ઉપાય શાસ્ત્રમાં છે જ... પરંતુ મૂર્ખથી બચવાનો કોઇ ઉપાય જ નથી **- ભર્તૃહરિ**
- શું કરવાને પીડવાનું ? શું કરવો ગમ ભલા માણસ? સતત અંધારપટ પણ ક્યાં રહે કાયમ ભલા માણસ **- પ્રણવ પંડ્યા**

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

સ્વ. ડો. અબ્દુલ કલામ આઝાદ ભારતનાં અભૂતપૂર્વ-ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વિજ્ઞાનિક પ્રમુખ સ્વામી સાથે માનસિક સત્સંગ કરતા હતા. એ બાબતનું એક પુસ્તકનું પ્રકાશન હમણાં ચર્ચામાં હતું.

ડો. કલામ એક સન્યાસીને મળ્યા. સત્સંગ ચર્ચાને અંતે સન્યાસીએ કહ્યું હું આપની શી રીતે મદદ કરી શકું?

ડો. કલામ કહે 'મને શાંતિની અપેક્ષા છે' સન્યાસીએ સ્મિત કરીને જ જવાબ આપ્યા વિના, મૌન રહ્યા. થોડીવાર રહીને કહ્યું, ડો. કલામ, મારા સહિત વિશ્વ આખાની એક જ ઇચ્છા છે, પણ આશ્ચર્ય એ છે કે આપની ઇચ્છામાં જ એનો જવાબ છે.

ડો. કલામે આશ્ચર્ય વ્યક્ત કરી પૂછ્યું, એ કેવી રીતે?

સન્યાસી કહે - આઇ વોન્ટ 'પીસ' (મને શાંતિની અપેક્ષા) આ ત્રણ શબ્દોમાં આઇ - હું એ અહંકાર છે અને વોન્ટ અપેક્ષા એ ઇચ્છા છે એ બે નો જો માનવી ત્યાગ કરે તો માત્ર 'શાંતિ' જ રહે. આપણે હું-અહંકાર અને અપેક્ષાનો ત્યાગ નથી કરી શકતા તેથી 'અશાંત' રહીએ છીએ. ડો. કલામે વાળની લટ હટાવી, કાન પકડ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

કલામને સલામ : 'ઋષિતુલ્ય પૂર્વ રાષ્ટ્રપતિ'નો દેહ વિલય

તંત્રી સ્થાનેથી....

ભારતના 'મિસાઈલ મેન'ના નામે જાણીતા પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ ઓચિંતા જ ખુદાની ખિદમતમાં ઊપડી ગયા છે. ભારતના મેધાવી રાષ્ટ્રપતિઓની નામાવલીમાં એક માત્ર સર્વપલ્લી રાધાકૃષ્ણનની જ સાથે સરખાવી શકાય એવા દંતકથારૂપ મહાપુરુષ પોતાને આજીવન શિક્ષક તરીકે ઓળખાવતા રહ્યા અને રાષ્ટ્રપતિપદની ગરિમાને વિદ્યાકીત ક્ષેત્રે અંતપર્યંત સક્રીય રહી વધુ ઉજમાળી કરતા ગયા. સાધારણ મુસ્લિમ પરિવારમાં ભારતના દખણાદા છેડે જન્મેલા આ અદના હિન્દુસ્તાનીએ સ્વપુરુષાર્થથી ઊંચા નિશાન સર કરી છેલ્લા શ્વાસ સુધી રાષ્ટ્રની પેઢીને પ્રેરણાનાં પીયૂષ પિવડાવવાનો આદર્શ લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે. એમનું મૃત્યુ પણ કેટલું મંગલમય છે! દૂરસુદૂર ઈશાન ભારતના મેઘાલયની ભૂમિ પર ઈન્ડિયન ઈન્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટનાં મેધાવી છાત્ર-છાત્રાઓને સંબોધતાં સંબોધતાં ઢળી પડેલાં આ 'પ્રોફેસર' રાષ્ટ્રપતિએ જીવન અને મૃત્યુ - બેઉને ભરપૂર માણ્યાં ગણાશે. એમને સંપ્રદાયો કરતાં સર્વોચ્ચ ઈશ્વરીય સત્તા પ્રત્યે વિશેષ શ્રદ્ધા હતી. આખું જીવન એમણે એ પરમ સત્તાધીશોને સમર્પિત કરી દીધું હતું.

ચોર્યાશીમા વર્ષે પણ તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ હતા. હજી ગયે મહિને જ તેઓ પૂ. પ્રમુખ સ્વામીનાં દર્શન કરવા પધાર્યા હતા. પ્રમુખ સ્વામી સાથેના અંતરંગ અનુભવોનું આલેખન કરીને એમણે વધુ એક આદર્શ રજૂ કર્યો હતો. દેશના સર્વોચ્ચ સત્તાસ્થાને રહી ચૂકેલા એક બિન હિંદુ રાષ્ટ્રપતિને પોતાના આચરણ દ્વારા વિશ્વમાં ધર્મક્ષેત્ર સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનારા સંતનાં ચરણોમાં બેસવાનું ગમે, એ જ શું આશ્ચર્યકારક બાબત નથી? એનો એટલો જ અર્થ કે એપીજે અબ્દુલ કલામને ધર્મ કે સત્તાનાં કૂંડાળામાં પુરાઈ રહેવા કરતાં સત્ત્વશીલતાના ગુણાનુરાગી બની વિનમ્રભાવે અદના આદમીની હેસિયતથી જીવવું વધારે ગમતું હતું. છાપાંના ફેરિયા તરીકે રામેશ્વરની ગલીઓમાં આંટા મારતો ગરીબ માછીમારનો દીકરો બચપણથી જ 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન' વાળા સૂત્રને આત્મસાત્ કરીને જીવવાનું શીખ્યો હતો. પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે - રામેશ્વરના દરિયા કિનારે ઊડતાં પક્ષીઓને જોઈને એમણે શિક્ષક સુબ્રમણ્યમને પૂછ્યું હતું : 'શું હું પણ ઊડી શકું ગુરુજી?' - અને ક્ષણનોય વિલંબ કર્યા વિના એમના વર્ગશિક્ષકે જવાબ આપ્યો હતો : 'તું પણ ઊડી શકે દીકરા!' બસ, એટલી પ્રેરણા ગાંઠે બાંધીને એ નાનકડાં છોકરાએ એનું ઉડ્ડયન શરુ કર્યું હતું. વચ્ચે વિક્રમ સારાભાઈ જેવા વૈજ્ઞાનિક ગુરુજન મળ્યા. અબ્દુલ કલામ કોઈ પણ વિદેશી યુનિવર્સિટીમાં ભણ્યા વગર ભારતના 'મિસાઈલ મેન' બની ગયા. એમણે પોખરણમાં અણુ ધડાકાનો કાર્યક્રમ પાર પાડીને હિન્દુસ્તાનને વિશ્વનાં શક્તિશાળી રાષ્ટ્રોની લગોલગ મૂકી દીધું. એ સાચા અર્થમાં 'ભારતરત્ન' બની રહ્યા. રાષ્ટ્રપતિ તો પછી થયા. રાષ્ટ્રપતિ તરીકે એ રાજકારણથી જોજનો દૂર રહી માત્ર અને માત્ર દેશના 'કોમન મેન' સાથે અને ખાસ તો નવી પેઢી સાથે સંવાદ સાધતા રહ્યા. 'વિંગ્સ ઓફ ફાયર' જેવી આત્મકથા કે 'હમ હોંગે કામયાબ' જેવો તરૂણો સાથેનો સંવાદ અને છેલ્લે પ્રમુખ સ્વામી મહારાજ સાથેની અનુભૂતિના આલેખન દ્વારા આ મહાન વિભૂતિએ એમના ઉત્કૃષ્ટ જીવનદર્શનની અલપઝલપ આકૃતિ કંડારી છે. ગુજરાત એમને મન બીજા વતન જેવું હતું. યુગપુરુષ બરની આ ઋષિતુલ્ય વિભૂતિની વિદાયવેળાએ એમની ઈચ્છા મુજબ વધુ કામ કરીને દેશનું નામ ઊજળું બનાવવા સંકલ્પ કરીએ.

મેગીને છોડો જે દેશમાં ખાવાનું ફૂટપાથ પર મળતું હોય અને જૂતા શોરૂમમાં મળતા હોય ત્યાં શું અપેક્ષા રખાય?

તંદુરસ્ત સમાજ

- રાજેશ એસ. પટેલ

ગયા અંકમાં જોયું કે આપણા દેશના લોકોનું આયુષ્ય બીજા દેશોના લોકો કરતાં ટૂંકું કેમ? આયુષ્ય ઉપર અસર કરતાં પરીબળો વિષે પણ આપણે જોયું.

આ અંકમાં દુનિયાના લોકો લાંબુ અને તંદુરસ્ત જીવવા માટે ક્યાં ભટકે છે તે જોઈએ. સદીઓથી મનુષ્ય પોતાનું આયુષ્ય લંબાવા માટે અને અમર થવા પ્રયત્ન કરતો આવ્યો છે. સત્યુગની કથાઓમાં પણ લોકો ઔષધિઓ, ઉકાળા, જપ, તપ, યજ્ઞ વગેરે કરતાં તેવું બતાવામાં આવે છે. છતાં કોઈ અમર થયું નથી. જે જન્મે છે તે મરે જ છે આ કડવું સત્ય હજી લોકો સ્વીકારવા તૈયાર થતા નથી.

કાળા માથાનો માનવી આયુષ્ય લંબાવા માટે કેટ કેટલા અખતરા કરે છે. વૈદો ચ્યવનપ્રાશ બનાવશે કે ડોકટરો એન્ટી એજિંગ ક્રીમ બનાવશે. કે ચાઈના વાળા સાપ, દેડકા, ભૂંડ, ગરોળી કે ગેંડાના અંગો મારીને ખાશે. સરવાળે તો બધું સ્મશાનમાં જ જાય છે.

હવે તો વિજ્ઞાનીઓ લેબોરેટરીમાં સ્પેશીયલ જીનેટિક એન્જીનીયરીંગના વિષય ઉપર સંશોધનો કરે છે. આજે વૈજ્ઞાનિકોએ વનસ્પતિ, પ્રાણીઓના જીન્સ બદલીને બીટી વનસ્પતિ તૈયાર કરી છે. તો બીજી બાજુ ઢેકા વગરની જર્શી ગાયો તૈયાર કરી છે. અરે માંસાહાર કરવા માટે ભૂંડની પણ નવી જાતો પેદા કરી છે તો બીજી બાજુ દરિયાની જીવ સૃષ્ટિને પણ બદલી નાખવાના હોય તેમ માછલીઓની પણ નવી જાતો તૈયાર કરી જાણે આખી દુનિયાના બધા પ્રાણીઓ ફક્ત માનવીના ખોરાક માટે જ ભગવાને બનાવ્યા છે તે રીતે વર્તે છે.

સરકારો મરઘા ફાર્મ કે ભૂંડના ફાર્મ કે માછલીઓ ઉછેર માટેના તળાવો બનાવા સબસીડી આપે છે. હમણાં આપણા ગુજરાતમાં જ માછલીઓના તળાવના વેપાર બાબતે કાળો કકળાટ છાપે ચઢેલો. છાશવાળે કતલખાને મોકલતા નિર્દોષ પ્રાણીઓ ભરેલા ખટારા પકડાયાના સમાચાર છાપાઓમાં આવતા રહે છે. લોકોની ખાવાની લાય બદલાશે નહિ ત્યાં સુધી આવા સમાચારો બંધ થવાના નથી.

સરકારો, માછલી ઉછેર કરી અથવા ભૂંડના ફાર્મમાં ભરપુર ખવડાવીને તરો તાજા કરી કોથળા જેવા ભૂંડ બનાવીને તેને કતલ ખાને મોકલી માંસનો મોટો વેપાર કરી શકાય અને દેશને વધુ હુંડીયામણ કમાવી શકાય તે માટે સહાય કરે છે. ભાડમાં જાય તમારું હુંડીયામણ, શું તમે તાજા ભૂંડ પેદા નહી કરો તો દુનિયાના લોકો ભૂખે મરી જશે?

સંશોધનોના નામે દુનિયાની સરકારો અબજોના અબજો રૂપિયાની સહાય કરે છે અને જે નવી જાતો વનસ્પતિ કે પ્રાણીઓની પેદા કરે છે તે માનવી માટે ફાયદા કરતાં નુકશાન વધારે કરે છે અને જયારે રોગચારો ફેલાય છે ત્યારે લાખો કરોડોની સંખ્યામાં ભૂંડ કે મરઘીઓને સામુહિક મારી નાખવાના ઓર્ડરો કરવામાં આવે છે. માનવીઓનો આ કેવો વિકાસ? કેવી પ્રગતિ? તમે જ ખાવા માટે પેદા કરો અને તમે જ રોગથી બચવા કરોડોની સંખ્યામાં જીવ હત્યા કરો? બિચારી મરઘી, માછલી કે ભૂંડ વગર વાંકે મોતને ભેટે?

રોગ ન આવે તે માટે, કપાસના પાન ઈયળ ખાય તો મરી જાય તે માટે વિજ્ઞાને બીટી કપાસ બનાવ્યો અને એ જ બીટી કપાસના કપાસીયાથી કાઢેલું કપાસિયા તેલ લોકો ટેસથી ખાય છે. દેશી કપાસીયા માંથી કાઢેલું તેલ હવે મળવું મુશ્કેલ છે. હવે લોકો બીટી ખોરાક ખાઈને વધુ મરે છે. દુનિયામાં બીટી શાકભાજીનો વિરોધ ચાલે છે અને કહેવાતા હોશિયાર લોકો ઉત્પાદન વધારે મળે, લોકોને સસ્તું શાકભાજી મળશે તેવા પ્રચાર કરી લોકોને સસ્તા મોતના મુખમાં મોકલવાની, તૈયારી કરવા વાળા લોકો પણ છે.

સંશોધનો ઉત્પાદન વધારવા માટે થાય છે પણ સામે પક્ષે ગુણવત્તાનો ભોગ લેવાય છે તે જોતા નથી. ઢેકા વગરની ગાયો પેદા કરી પણ આપણા દેશની દેશી ગાયના દુધની ગુણવત્તા ગુમાવી. જર્શી ગાયના તબેલા બનાવ્યા પણ દેશી ગાયના ૭-૮ ફેટના દૂધ સામે ૩-૪ ફેટના દુધથી સંતોષ માનવો પડ્યો. શું કરવાનું ડબલ ઉત્પાદન. આ કામ તો દેશી ગાયના દુધમાં પાણી રેડીને પણ થઈ શકત. તમે કુદરતને તમારા તાબે કરવા જશો તો કુદરત એમ તાબે થશે નહિ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રેમમાં પહેલ અને સંબંધમાં સહેલ

ગુલમહોર

- દિનેશ દેસાઇ

બ્રિટિશ હાસ્ય કલાકાર અને ફિલ્મ નિર્માતા સર ચાર્લ્સ સ્પેન્સર (૧૮૮૯-૧૯૭૭) તેમના આ મૂળ નામ કરતા ચાર્લી ચેપ્લિનના હુલામણા નામે સૌથી વધુ જાણીતા છે. મૂક ફિલ્મોના યુગમાં તેમની ફિલ્મો ખાસ્સી લોકપ્રિય રહી. તેઓએ કહ્યું છે કે -પ્રેમ એટલે હૃદયની લાગણીની પરિભાષા. જયારે હૃદયને વાચા ફૂટે ત્યારે એ પ્રેમની અભિવ્યક્તિ સ્વરુપે વ્યક્ત થાય છે. પ્રેમ એટલે પ્રેમ. સાચો પ્રેમ અને ખોટો પ્રેમ એવું ક્યાંય ન હોઈ શકે.

પ્રેમમાં પહેલ અને સંબંધમાં સહેલ એટલે કે સહેલાઈ ને સરળતાની વાત કરીએ તો ઘણા બધા લોકોને એ વાતનો અનુભવ રહ્યો હોય છે કે જેને ચાહતા હોય તેને પોતાના મનની વાત તેઓ કહી શક્યા જ નહીં. પોતે જેને ચાહતા હોય એ સમગ્ર બાબત તો એકતરફી થઈ. પરંતુ સામી વ્યક્તિને તો એ વાતની ખબર જ નથી કે તેને કોઈ ચાહે છે. તમારે તમારા હૃદયની લાગણી અને ર્મિઓને વ્યક્ત કરવી જ રહી. પ્રેમમાં પહેલ નહીં કરો તો પછી પાછળ રહી જશો.

કોઈ પણ સંબંધમાં સરળતા અને સહજતા પણ જરુરી છે. જયારે તમારી નજીકની વ્યક્તિ સાથે કોઈ બાબતે ગેરસમજણ થઈ

જીવનમાં બે વખત પ્રેમ થાય? એવો સવાલ અપ્રસ્તુત છે, ગમતી વ્યક્તિ એક જ હોય કે એકથી વધુ વ્યક્તિ પણ ગમતીલી હોય એવું બને, જે વ્યક્તિ ગમતી હોય તેની સાથે જ લગ્ન થાય અથવા લગ્ન થાય તે વ્યક્તિ ગમતી જ હોય એવું હંમેશા બનતું નથી

ચાર્લી ચેપ્લિન કહે છે એમ પ્રેમ એટલે પ્રેમ જ હોય. એમાં વળી સાચો પ્રેમ અને ખોટો પ્રેમ એવું કશું ન હોય. ચાર્લી ચેપ્લિને પોતાના જીવનકાળ દરમિયાન બે વખત લગ્ન કર્યાં. બેઉ વખત તેઓ જેને ચાહતા હતા તેની સાથે જ લગ્ન કર્યાં હતાં. જીવનમાં બે વખત પ્રેમ થાય? એવો સવાલ અપ્રસ્તુત છે. ગમતી વ્યક્તિ એક જ હોય કે એકથી વધુ વ્યક્તિ પણ ગમતીલી હોય એવું બને. જે વ્યક્તિ ગમતી હોય તેની સાથે જ લગ્ન થાય અથવા લગ્ન થાય તે વ્યક્તિ ગમતી જ હોય એવું હંમેશા બનતું નથી. સંબંધો કાયમ સહેલા અને સરળ હોવા જોઈએ. સંબંધમાં ગુંચવાડો ઉભો થાય ત્યારે જિંદગીમાં પણ ગૂંચવણ પડી જતી હોય છે. જિંદગીમાં એટલે કે સંબંધમાં ગુંચવાડો કે ગૂંચવણ ઉભા ન થવા દેવા જોઈએ. જો તમે કોઈને યાદ કરતા જ હોય તો સામેથી વાત કરવાની પહેલ કરવી જ જોઈએ. જો તમે મળવા માગતા હોય તો મળવાનું આયોજન કરવું જોઈએ. જયારે તમારી નજીકની વ્યક્તિ પાસેથી કશુંક જાણવા માગો છો કે કશુંક જાણવાની ઈન્તજારી છે, તો એવી વાત પણ મનમાં રાખવાના બદલે વિના સંકોચ પુછી જ લેવું જોઈએ. જો તમે પ્રેમનો એકરાર કરી શક્યા ન હોય તો એ વાત મનમાં રાખી મૂકવાનો પણ કોઈ જ અર્થ નથી. મનની વાત વ્યક્ત કરી જ દેવી જોઈએ.

આપણને એક જ જિંદગી મળી છે, તો પછી શા માટે જિંદગી યા સંબંધમાં ગુંચવાડો ઉભો કરવો જોઈએ કે શા માટે ગૂંચવણ રાખવી જોઈએ. સંબંધ હંમેશા સરળ અને જિંદગી હંમેશા સહેલી રાખવી જોઈએ. જિંદગીમાં કોઈ પહેલી (પરીક્ષા) રાખવી જોઈએ નહીં.

સ્ટોપર :

"કોઈ ચહેરે કા દીવાના તો કિસી કો તન કી તલબ
અદાએ પિછા કરવાતી હૈ સાહબ, મૌહબ્બત કૌન કરતા હૈ"

કોંગ્રેસી કામરાજના ટેકે તમિળનાડુની વૈતરણી તરવાના ભાજપીવ્યૂહ

અતીતથી આજ

- ડો.હરિ દેસાઈ

દક્ષિણ ભારતના રાજ્ય તમિળનાડુના દક્ષિણ ભાગમાં આજકાલ અવનવો ઘટનાક્રમ ચાલી રહ્યો છે: ત્રણ-ત્રણ મુદત માટે અખિલ ભારતીય કોંગ્રેસના અધ્યક્ષ રહેલા અને ત્રણ-ત્રણ વાર દક્ષિણ ભારતના આ રાજ્યને ભ્રષ્ટાચારમુક્ત શાસન પૂરું પાડનાર દેશના સદ્‌ગત કોંગ્રેસી નેતા કે.કામરાજના નામે ભાજપ ઉજવણી કરી રહ્યો છે. પછાતવર્ગોના ઉદ્ધારક એવા લોકલાડીલા મુખ્યમંત્રી તરીકે સાદગીભર્યું જીવન જીવતાં વહીવટ કરનાર કુમારસ્વામી કામરાજ નાડારની જન્મજયંતીની ઉજવણી કરવાનું ભારતીય જનતા પાર્ટીએ આ વર્ષે જ શિરે લીધું છે. તમિળનાડુ કોંગ્રેસે તો એની રાબેતા મુજબની ઉજવણી કરી. દિલ્હી ખાતે પણ કોંગ્રેસના મુખ્યાલયમાં કિંગ-મેકર કામરાજને જન્મદિને અંજલિ અર્પવામાં આવી, પણ કામરાજના આદર્શોમાંથી પ્રેરણા લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટના બોલકા પ્રધાન એમ.વેંકૈયા નાયડુ તો છેક કામરાજના વતન વિરુદ્ધનગર પહોંચી ગયા.

બબ્બે કોંગ્રેસી વડાપ્રધાનની વરણીની જવાબદારી સુપેરે નિભાવનારા કે.કામરાજ થકી ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના અનુગામી તરીકે લાલબહાદુર શાસ્ત્રીની સર્વાનુમત વરણી શક્ય બની હતી. શાસ્ત્રીનું તાશ્કંદમાં અવસાન થતાં એમનાં અનુગામી તરીકે નેહરુ-પુત્રી ઈંદિરા ગાંધી એ હોદ્દે વરાયાં. જોકે તેમના અને નેહરુ પ્રધાનમંડળના સભ્ય મોરારજી દેસાઈ વચ્ચે સમાધાન શક્ય ના બનતાં મતદાન થયું. ઈંદિરાજી ઉપપ વિરુદ્ધ ૧૬૯ મતથી વિજયી બનીને વડાંપ્રધાન બન્યાં હતાં. નેહરુએ પોતાના મૃત્યુ પૂર્વે જ કામરાજને અખિલ ભારતીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ૧૯૬૪માં તેડાવ્યા ત્યારે એમને અંદાજ નહીં હોય કે ભુવનેશ્વર ખાતેના કોંગ્રેસ અધિવેશનમાં જ એ બીમાર પડશે અને ૨૭ મે ૧૯૬૪ના રોજ દિલ્હીમાં આ ફાની દુનિયા છોડી જશે. કોંગ્રેસનાં ત્રણ અધિવેશનમાં કામરાજ અધ્યક્ષસ્થાને રહ્યાઃ ૧૯૬૪માં ભુવનેશ્વર, ૧૯૬૫માં દુર્ગાપુર અને ૧૯૬૬માં જયપુરમાં. વડાંપ્રધાન બન્યા પછી ઈંદિરા ગાંધીએ પોતાનું ધાર્યું જ કરવા માંડ્યું અને કોંગ્રેસ અધ્યક્ષનેય અવગણવા માંડ્યા એટલે કામરાજે અધ્યક્ષપદેથી ૭ ડિસેમ્બર ૧૯૬૭ના રોજ રાજીનામું આપી દીધું હતું. એમના અનુગામી બનેલા નિજલિંગપ્પા પણ ઈંદિરાનિષ્ઠ તો નહોતા જ.

મોરારજી દેસાઈ સહિતના નેહરુ કેબિનેટના અડધો ડઝન કેન્દ્રીય મંત્રીઓ અને એટલી જ સંખ્યામાં વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓને 'કામરાજ યોજના' હેઠળ સરકારી હોદ્દેથી છૂટા કરીને કોંગ્રેસના સંગઠનમાં કામે લગાડાયા હતા. એમાંના ઘણા બધા પાછલાં વર્ષોમાં નેહરુ અને ઈંદિરા વિરુદ્ધના રાજકીય મંચ પર પાછા સહયાત્રી બન્યા હતા. મોરારજી 'મારું જીવનવૃત્તાંત'માં એ વાતનો ફોડ જરૂર પાડે છે કે કામરાજ યોજના વાસ્તવમાં તો ઓરિસ્સાના મુખ્યમંત્રી રહેલા બીજુ પટનાયકે કાશ્મીર પ્રવાસમાં નેહરુને ગળે ઉતારેલી ગૂઢ યોજના હતી, ભલે એ પાછળથી કામરાજના નામે ચલણી બની હોય. મોરારજીને કામરાજ સાથે ગોઠતું નહોતું, પણ ૧૯૬૯માં બેંગલોરના ગ્લાસ હાઉસની ઘટનાને પગલે ઈંદિરા ગાંધી વડાંપ્રધાન હોવા છતાં એમને પક્ષમાંથી તગેડવામાં આવ્યાં. ઈંદિરાજીએ પક્ષના સત્તાવાર ઉમેદવાર નીલમ સંજીવ રેડ્ડીને બદલે પોતાના કહ્યાગરા વી.વી.ગિરિને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ચૂંટી લાવવા માટે મતદારોને 'અંતરાત્મા'ના અવાજ મુજબ વર્તવા હાકલ કરી પક્ષની શિસ્ત તોડી હતી. કામરાજ, તેમના કોંગ્રેસઅધ્યક્ષપદના અનુગામી નિજલિંગપ્પા અને મોરારજી દેસાઈ સહિતના નેતા ઈંદિરાની હકાલપટ્ટીમાં સાથે હતા. તેઓ કોંગ્રેસ(ઓર્ગેનાઈઝેશન-ઓ) માં સાથે રહ્યા, પણ કોંગ્રેસ(રિક્વિઝિશનિસ્ટ-આર) નાં સુપ્રીમો તરીકે તત્કાલીન વડાંપ્રધાન ઈંદિરા ગાંધી સર્વસત્તાધીશ બની શક્યાં. કોંગ્રેસ(સંસ્થા-ઓ)ના નેતાઓએ છેક ૧૯૭૭ના માર્ચ સુધી વિપક્ષે રહેવું પડ્યું. ઈંદિરાની ઈમર્જન્સી પછી મોરારજી દેસાઈના વડપણવાળી કેન્દ્ર સરકાર રચાઈ હતી.

૨૫/૨૬ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલીન વડાંપ્રધાન ઈંદિરા ગાંધીએ ઈમર્જન્સી લાગુ કરીને મોરારજી સહિતના તમામ ટોચના વિપક્ષી નેતાઓને જેલમાં ઠાંસી દીધા હતા; ત્યારે કામરાજ જેલ જવામાંથી બચી ગયા હતા. આમ છતાં ઈંદિરા ગાંધીના ઈમર્જન્સીના કરતૂતથી ખૂબ વ્યથિત હતા. એ વેળા તેઓ તમિળનાડુ કોંગ્રેસ(સંસ્થા-ઓ)ના વડા હતા. બીમાર હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આતા માઝી સટકલી...!! ગુસ્સાની અગનજવાળા ને અબોલાના અટકચાળા...!!

આંખ કાઢીને અવાજ ઊંચો થઈ ગયો, મગજ છટક્યું ને જીભનો લોચો થઈ ગયો
વિચિત્ર હરકતો જોઈ મારા વ્હાલાઓની, ચહેરો લાલચોળને ગુસ્સો તેજ થઈ ગયો

સ્માર્ટ ફોનમાં આજકાલ કેન્ડીક્રેશ પછી સૌથી વધારે રમાતી ગેમ હોય તો તે છે 'એંગ્રી બર્ડ' લોકોને આ ગેમ કેમ ગમે છે? એંગ્રી એટલે ગુસ્સો ધરાવતી વ્યક્તિ, પક્ષી કે પ્રાણી... આ ગેમ ઘણાબધાંને ગમે છે, અને સતત એમાં ચોંટેલા હોય છે.

ટીવી પર આવતી કોઈ સિરીયલ જુઓ, એમાં આવતાં ગુસ્સાવાળા એંગ્રી ઈમેજ ધરાવતાં કેરેકટર બધાને ગમે છે. વર્ષો પહેલાં એક 'રજની' પ્રિયા તેંડુલકર એંગ્રી વુમનનો રોલ ભજવી સમાજના પ્રશ્નોને વાચા આપતી સિરીયલ આવતી અને બધાંને પ્રિય હતી...

હમણાં આવેલી 'ઓહ માય ગૉડ' કે 'પી.કે.'ના કેરેકટર પણ ગમે છે, કારણ એ જે વાત કરે છે એ ક્યાંક ને ક્યાંક આપણામાં પણ સમાયેલી છે. શિવલિંગ પર થતા દૂધના અભિષેકના બગાડની વાત કેટલાંયને ખૂંચે છે, પણ ખુલ્લાપણે બોલવાની - વ્યક્ત કરવાની ક્ષમતા નથી એટલે કાનજીભાઈની વાત ગમી જાય છે...

Hello ફ્રેન્ડસ!

–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

દરેકના મનમાં પોતાના નજીકના કે દૂરના સગાવહાલા, ઓફીસના સહકર્મચારી, મિત્રો કે સમાજના લોકો કે વિચારસરણી પ્રત્યે એક ગુસ્સો હોય છે. પણ આ ગુસ્સો ડાયરેક્ટ વ્યક્તિ કે સિસ્ટમ સામે વ્યક્ત કરી શકાતો નથી. એટલે ટીવી કે ફિલ્મમાં એવા પાત્રો અને એનો અભિનય જોતાં જ કેટલાંક લોકો પોતાને એ જગ્યાએ જોવાં લાગે છે.

ફિલ્મી વરસાદમાં હીરો-હીરોઈન રસ્તા પર નાચતાં જોવા મળે છે. હવે આવી ઈચ્છા તો દરેકને થાય જ ને? પણ પોતાની પત્ની કે પ્રેયસી સાથે રસ્તા પર વરસતા વરસાદમાં નહાવા ન નીકળાય એટલું પેલું ગીત આવે એટલે પોતાને ત્યાં ફેન્ટસીમાં લઈ જાય...



ફિલ્મ કે ટીવીના કેરેકટર ગુસ્સાથી લાલચોળ થઈ અન્યાય સામે કે ભ્રષ્ટ સિસ્ટમ વિરુદ્ધ પડીને લડત ચલાવે છે ત્યારે આવી ફિલ્મના હીરો-હીરોઈનને લોકો માથે ચડાવે છે. એમને આદર્શ માને છે. વર્ષો પહેલાંની પ્રેમ કહાની કે સમાજની રીતિ-નીતિની વાતોની ફિલ્મો વચ્ચે એંગ્રીયંગમેન અમિતાભ બચ્ચને એન્ટ્રી લીધી અને સિનેમાહોલ સિટીઓ અને તાળીઓથી ગૂંજવા લાગ્યો... આની પાછળ એ જ જનમાનસની માનસિકતા હતી, લુખ્ખા-ગુંડાઓને મારી નહોત શકતા એ આ ફિલ્મોથી પોતાની ઈચ્છા પુરી થતી જોવાં લાગ્યાં....

આજે દબંગ કે સિંઘમ પણ આ જ કામ કરી રહ્યા છે. 'આતા માઝી સટકલી' કહીને સિંઘમ વિલનોનો દાટ વાળી દે ત્યારે અજય દેવગણની જગ્યાએ કેટલાંય પોતાને જુએ છે... 'ક્રાંતિવીર' નાના પાટેકરની ફિલ્મમાં પણ સમાજના અનિષ્ટો સામેની જંગ બતાવી છે અને એમાં પણ સામાન્ય માણસ એની ઈચ્છાઓ પુરી થતી જુએ છે...

ગુસ્સો આવવો એ તો એક નૈસર્ગિક બાબત છે. આપણી ઈચ્છાથી વિરુદ્ધ કશું થાય એટલે ગુસ્સો આવે. એકાદી ઘટના જો આપણી અપેક્ષા મુજબ ન બને તો ગુસ્સો આવે એ પણ સ્વાભાવિક વાત છે. ઘરમાં બાળકો કે પતિ, પત્નીની ઈચ્છા મુજબ ન વર્તે કે એની સિસ્ટમ મુજબ કામ ન કરે એટલે એની છટકે, એ પણ બહુ સાહજીક વાત છે. પણ જે પ્રકારથી એ ગુસ્સો વ્યક્ત કરે એના કારણે અનેક વખત પોતાને અને સામેનાને માનસિક તાણ થઈ શકે...

એટલું જ નહીં વ્યક્તિનું મન - ભાવ જો દુભાયા તો ગુસ્સે થયેલી વ્યક્તિ કે